# ગુજરાતી સાહિત્ય પરિષદ

## વાર્ષિક અહેવાલ

(ઈ.સ.૨૦૧૩)

## ૪૭મું અધિવેશન

એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ

તા.૨૪-૨૫-૨૬ ડિસેમ્બર-૨૦૧૩

સંકલન અને સંપાદન

**રાજેન્દ્ર પટેલ**

મહામંત્રી

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

ફોન : ૨૬૫૭૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭

વેબસાઈટ : www.gujaratisahityaparishad.org

ઈ-મેઈલ : gspamd@vsnl.net

# ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યવાહક સમિતિના સભ્યો


૧. શ્રી વર્ષા અડાલજા (પ્રમુખ) મુંબઈ
૨. શ્રી અનિલા દલાલ (ઉપ પ્રમુખ) અમદાવાદ
૩. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક (ઉપ પ્રમુખ) નડીઆદ
૪. શ્રી રાજેન્દ્ર પટેલ (મહામંત્રી) અમદાવાદ
૫. શ્રી માધવ રામાનુજ (કોષાધ્યક્ષ) અમદાવાદ
૬. શ્રી નીતિન વડગામા (પ્રસારમંત્રી) રાજકોટ
૭. શ્રી પ્રફુલ્લ રાવલ (પ્રકાશનમંત્રી) વીરમગામ
૮. શ્રી જનક નાયક (વિકાસમંત્રી) સુરત
૯. શ્રી કીર્તિદા શાહ (ગ્રંથાલયમંત્રી) અમદાવાદ
૧૦. શ્રી પ્રકાશ ન. શાહ (સભ્ય) અમદાવાદ
૧૧. શ્રી હરિકૃષ્ણ પાઠક (સભ્ય) ગાંધીનગર
૧૨. શ્રી મોહન પરમાર (સભ્ય) અમદાવાદ
૧૩. શ્રી રવીન્દ્ર પારેખ (સભ્ય) સુરત
૧૪. શ્રી પ્રકાશચંદ્ર પંડ્યા (સભ્ય) મહેસાણા
૧૫. શ્રી વિરંચી ત્રિવેદી (સભ્ય) વડોદરા

## ટ્રસ્ટીઓ

૧. શ્રી શ્રેણીકભાઈ શેઠ
૨. શ્રી મધુકર પારેખ
૩. શ્રી નિરંજન ભગત
૪. શ્રી વિનોદભાઈ ભટ્ટ
૫. શ્રી પ્રફુલ્લભાઈ અનુભાઈ
૬. શ્રી રઘુવીર ચૌધરી
૭. શ્રી રૂપલ મહેતા
૮. શ્રી પાવન બકેરી
૯. શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ

ટ્રસ્ટી મંડળની બેઠકમાં નિમંત્રિત સભ્ય : શ્રી પરેશ નાયક

## ભૂતપૂર્વ પ્રમુખો

૧. શ્રી ભગવતીકુમાર શર્મા
૨. શ્રી ભોળાભાઈ પટેલ

## નિમંત્રિતો

૧. શ્રી રતિલાલ બોરીસાગર
૨. શ્રી મનસુખ સલ્લા
૩. શ્રી ભારતીબહેન દવે
૪. શ્રી ડાહ્યાભાઈ પટેલ 'માસુમ'
૫. શ્રી યોગેશ જોષી (તંત્રી 'પરબ')


મધ્યસ્થ સમિતિમાં કુલ ૭૩ સભ્યો હોય છે. કાર્યવાહક સમિતિના સભ્યો મધ્યસ્થ સમિતિના સભ્યો હોય છે.



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પરિષદ પાથેય | ૩ |
| ૨. | વિવિધ વ્યાખ્યાનો/પરિસંવાદ | ૫ |
| ૩. | ઈન્ટરનેટ/વેબ/સમાચાર | ૮ |
| ૪. | પ્રકાશન પ્રવૃત્તિ | ૧૧ |
| ૫. | ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત કાર્યક્રમો/પ્રવૃત્તિઓ | ૧૩ |
| ૬. | ચી.મં. ગ્રંથાલય પરિચય અને પ્રવૃત્તિ | ૧૬ |
| ૭. | ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર | ૧૮ |
| ૮. | રવીન્દ્રભવન | ૧૯ |
| ૯. | વિશિષ્ટ કાર્યક્રમો (પાક્ષિકી, બુધસભા, ગ્રંથ સાથે ગોઠડી, અનુવાદ અભિમુખતા, એનીબેન સરૈયા, મુલાકાત) | ૨૦ |
| ૧૦. | વિવિધ કાર્યક્રમોની યાદી | ૨૪ |
| ૧૧. | મળેલા દાનની વિગત | ૨૬ |
| ૧૨. | શ્રદ્ધાંજલિ | ૨૮ |
| ૧૩. | અધિવેશનનો વિગતવાર કાર્યક્રમ | ૨૯ |
| ૧૪. | અધિવેશન અને પ્રમુખોની યાદી | ૩૧ |



ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : પ્રફુલ્લ રાવલ (પ્રકાશનમંત્રી) ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, 'ટાઈમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦૦૦૯
website : www.gujaratisahityaparishad.org e-mail : gspamd@vsnl.net
મુદ્રણ સ્થાન : ક્રિષ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩. ફોન : ૨૭૪૯૪૩૯૩

## (૧)
# પરિષદ પાથેય

'ગ્રંથવિહાર' એ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત પુસ્તક વેચાણ કેન્દ્રનું નવું નામ છે. પરિષદ પરિસરમાં બીજા પ્રકાશકોનાં પણ સાહિત્યિક પુસ્તકો ઉપલબ્ધ થાય એ આશય છે. માધ્યમોની અસર લોકો પર ગજબ પડી છે અને વાંચનનો મહિમા ઘટતો જાય છે એવી એક સમજ પ્રવર્તે છે. એ કેટલું સાચું છે તેનો સર્વે થાય ત્યારે થાય, પણ સાવ એવું નથી લાગતું કારણ કે પરિષદે છેલ્લાં છ-એક વર્ષમાં પચાસેક લાખના પુસ્તકો વેચ્યાં છે ! અલબત્ત આ વેચાણ પાછળનો આશય આર્થિક ઉપાર્જન કરવાનો નહીં, પરંતુ લોકો શિષ્ટ સાહિત્ય વધુ ને વધુ વાંચે એ છે. આ અનુભવ પરિષદ માટે અને આખા સમાજ માટે ખૂબ મહત્ત્વનો છે. ઉત્તમ સાહિત્ય લોકો સુધી વધુ ને વધુ પહોંચે એમાં જ 'ગ્રંથવિહાર' શબ્દની સાર્થકતા છે ને ?

એક સમય હતો સાત - આઠ વર્ષ પહેલાનો, જ્યારે પરિષદની પોતાની વેબસાઈટ નહોતી. એથી જાહેરમાં ક્યારેક ટીકા અને વ્યંગ કરવામાં આવતાં હતાં. આજે પરિષદની વેબસાઈટ એક ઉત્તમ નમૂનારૂપ બનીને કાર્યરત છે. દેશ - પરદેશમાં અનેક લોકોએ તેને પ્રમાણી છે. હમણાં પરિષદ ગુજરાતી શબ્દ ચકાસણી (સ્પેલ ચેકર) કમ્પ્યૂટરમાં ઉપલબ્ધ બને તે માટેના પ્રકલ્પમાં સક્રિય ભૂમિકા ભજવી રહી છે. એ વાતે પૂર્વ પ્રમુખ બકુલ ત્રિપાઠીનો આત્મા ચોક્કસ રાજી થતો હશે.

પરિષદ પરિસરમાં વિવિધ સાહિત્યિક કાર્યક્રમો ઉપરાંત જે ચાર અભ્યાસક્રમો શરૂ થયા છે એ પણ ઠીક - ઠીક પ્રમાણમાં આવકાર પામ્યા છે. પત્રકારત્વ, અનુવાદ, પ્રૂફરીડિંગ અને ભાષા કૌશલ્યના વર્ગોમાં સવિશેષ યુવાનોની અભિમુખતા સંતોષકારક રહી છે. આ અભ્યાસક્રમોનો લાભ ગુજરાતમાં અનેક જગ્યાએ અનેક લોકો લે; તે માટે મધ્યસ્થના મિત્રો સક્રિય બને એવી એમને વિનંતી.

ગદ્ય કાર્યશાળા પાક્ષિકી, પદ્ય કાર્યશાળા બુધસભા અને એની સરૈયા લેખિકા નિધિ અંતર્ગત સર્જનાત્મક સાહિત્ય રચતી બહેનોની કાર્યશાળાનું અન્ય સ્થળોએ વિસ્તરણ થાય તે પણ ખેવના કરવા જેવી બાબત છે. પરિષદના સામાન્ય સભ્યો આ માટે પ્રવૃત્ત થાય તે ઇચ્છનીય છે.

બાળ સાહિત્ય, કિશોર સાહિત્ય, નાટ્ય લેખન, પઠનની કાર્યશિબિરોનું કાયમી ધોરણે આયોજન થાય એની અનિવાર્યતા પણ વર્તાય છે. ફિલ્મનું માધ્યમ આજના યુવાનોને ખૂબ આકર્ષે છે. સાહિત્ય કૃતિઓ પરથી બનેલી જગતભરની ફિલ્મો બતાવવાનું



આયોજન પણ થવું જોઈએ. તમામ પ્રકારનો સાહિત્ય વિમર્શ, કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર હંમેશા થતો રહે એની પણ અનિવાર્યતા છે.

હવે પરિષદમાં લિફ્ટ પણ કાર્યરત થઈ ગઈ છે અને પરિસરમાં સુવિધાપૂર્ણ ખંડો તૈયાર કરવામાં આવ્યા છે, ત્યારે વરિષ્ઠ વિદ્વાનો અને સર્જકોનો નિયમિતપણે લાભ લેવામાં આવે તે ઇચ્છનીય છે. ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે અનેક પડકારો ઊભા થયા છે ત્યારે આવનારા સમયમાં અનેક સ્તરીય કાર્યો તરફ નજર રાખવી પડશે.

કવિ હર્ષ બ્રહ્મભટ્ટના સંનિષ્ઠ પ્રયત્નોથી મોટા પ્રમાણમાં દાન પ્રાપ્તિ થઈ. આ ઉપરાંત રા.વિ. પાઠક હૉલની કાયાપલટ થતાં તેની માંગ વધવાથી, પુસ્તક વેચાણનાં કાર્યથી તેમ જ દરેક ખંડમાં વિવિધ સાહિત્યિક-સાંસ્કૃતિક-સર્જનાત્મક પ્રવૃત્તિઓ ધમધમતી હોવાથી હવે પરિષદની આર્થિક સંકડામણો અગાઉ જેવી રહી નથી. પર્યાપ્ત પ્રમાણમાં થાપણો અંકે કરવામાં આવી છે. તેનું સતત સંવર્ધન થતું રહે અને વધુ ને વધુ લોકો સર્જનાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડાય તે માટેના વિધેયાત્મક પ્રયાસો થતાં રહેવા જોઈએ.

પૂર્વપ્રમુખ શ્રી બકુલ ત્રિપાઠી, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી નારાયણ દેસાઈ, શ્રી ભગવતીકુમાર શર્મા, શ્રી ભોળાભાઈ પટેલ તથા શ્રી વર્ષા અડાલજાનું માર્ગદર્શન મળતું રહ્યું; એ મારાં જીવનની અમૂલ્ય મૂડી બની ગઈ છે. એ સૌનું સ્નેહાળ સાંનિધ્ય મારામાં ચિરંજીવ બની ગયું છે. શ્રી રઘુવીર ચૌધરીનો વિશ્વાસ અને હૂંફ મારી ઉપલબ્ધિ છે. છેલ્લાં વર્ષોમાં જે કાંઈ સરસ કામ થયું છે, એ સમાજની સક્રિય સહભાગીદારીથી થયું છે. પરંતુ જેમનો મહત્ત્વનો ફાળો છે એ હર્ષ બ્રહ્મભટ્ટ, પાવન બકેરી અને રૂપલ મહેતાનો હૃદયથી આભાર માનું છું. બીજા તમામ મંત્રીઓ, હોદ્દેદારો, કાર્યવાહક સમિતિ અને મધ્યસ્થ સમિતિના સભ્યો તથા ટ્રસ્ટીઓ પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. અનેક મિત્રો અને સાહિત્યકારોનો સાથ અને સહકાર સાંપડ્યો છે, એમનો પણ હું ઋણી છું.

ગુજરાતી સાહિત્યપરિષદમાં વર્ષ ૨૦૧૪થી નવી ટીમ સક્રિય બનશે. હાલ ચાલી રહેલાં કાર્યોને તેઓ આગળ ધપાવે તેમ જ સમાજ માટે પ્રેરણારૂપ બની રહે તેવા નવાં-નવાં વિધેયાત્મક અને સર્જનાત્મક કાર્યો કરતા રહેશે ! તેવી શ્રદ્ધા અને શુભેચ્છાઓ વ્યક્ત કરું છું.

**– રાજેન્દ્ર પટેલ**

(૨)

# વિવિધ વ્યાખ્યાનો/ પરિસંવાદ

## પરિષદની વિવિધ વ્યાખ્યાનમાળાઓ

- **યશવંત પંડ્યા વ્યાખ્યાનમાળા**
- **ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ)**
- **ગની દહીંવાલા વ્યાખ્યાનમાળા**
- **વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા**
- **સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા**
- **તારાબહેન મંગળદાસ મહેતા વ્યાખ્યાનમાળા**
- **કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા**
- **જયંતી એમ. દલાલ વ્યાખ્યાનમાળા**
- **ઉશનસ્ વ્યાખ્યાનમાળા**
- **પી.જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા**
- **વ્રજલાલ દવે (શૈક્ષણિક) વ્યાખ્યાનમાળા**
- **ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા**
- **કે.બી. વ્યાસ વ્યાખ્યાનમાળા**
- **વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા**
- **હરિનારાયણ આચાર્ય વ્યાખ્યાનમાળા**
- **રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા**

## ૨૦૧૩ દરમિયાન યોજાયેલાં વિવિધ વ્યાખ્યાનો/પરિસંવાદો

- ગુજરાતી સાહિત્ય પરિષદ અને લોકવિદ્યાલય વાળુકડના સંયુક્ત ઉપક્રમે વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી મનોહર ત્રિવેદીનું વ્યાખ્યાન લોકવિદ્યાલય વાળુકડ ખાતે તા.૨૯-૧-૨૦૧૩ના યોજાયું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શ્રી પી.જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨૨-૧-૨૦૧૩ના રોજ ડૉ. અમૃત પટેલે 'ઊંઝા નગર એક : લોકસાહિત્યિક-લોકસંસ્કૃતિક સંદર્ભો અનેક' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૩-૨-૨૦૧૩ના રોજ નૌશિલ મહેતાએ વ્યાખ્યાન આપ્યુ હતું. જેમાં ગુલામ મહમ્મદ શેખ, મનોજ શાહ તથા ઉત્કર્ષ મઝુમદારે નાટ્ય પઠન કર્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને જી.એમ.ડી.સી. પ્રેરિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નખત્રાણાના ઉપક્રમે કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨૨-૨-૨૦૧૩ના રોજ શ્રી રમેશ સંઘવીએ 'ગાંધીજી-આપણા જીવનમાં' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ગની દહીંવાલા વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૮-૩-૨૦૧૩ના રોજ શ્રી સુરેશ પંડિતે યુનિવર્સિટીમાં વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને આર્ટ્સ ઍન્ડ કોમર્સ કોલેજ, કપડવંજના સંયુક્ત ઉપક્રમે 'વ્રજલાલ દવે વ્યાખ્યાનમાળા' અંતર્ગત 'તળપદનું કાવ્યશાસ્ત્ર' વિષય પર પ્રો. ભરત મહેતાએ વિદ્યાર્થી-ભોગ્ય શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું.



- ગુજરાતી સાહિત્ય પરિષદ અને એન.એસ. પટેલ કૉલેજ, આણંદના સંયુક્ત ઉપક્રમે વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૪-૩-૨૦૧૩ના રોજ શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટે 'અભિજાત ગીતસ્વરૂપવિચાર' વિશે કૉલેજનાં ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી વિભાગ, શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તારાબહેન મંગળજી વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૧૬-૩-૨૦૧૩ના રોજ શ્રી ધીરેન્દ્ર મહેતા 'ટૂંકી વાર્તામાં વાતાવરણ : વીનેશ અંતાણીની કેટલીક વાર્તાઓના સંદર્ભમાં' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

**સત્ત્વશીલ સાહિત્યસર્જન દ્વારા પ્રજાજનોમાં મૂલ્યનિષ્ઠાનું સંવર્ધન-સંગોપન કરનારા મૂર્ધન્ય સર્જકને પચ્ચીસ હજાર રૂપિયા, સ્મૃતિચિહ્ન તથા શાલ અર્પણ કરીને 'સચ્ચિદાનંદ સન્માન' દ્વારા સન્માનિત કરવામાં આવે છે. તે અંતર્ગત ૨૦૧૦નું આ સન્માન શ્રી ચંદ્રકાન્ત શેઠને અને ૨૦૧૧નું સન્માન શ્રી રતિલાલ બોરીસાગર અને ૨૦૧૨નું સન્માન શ્રી લાભશંકર પુરોહિતને સમારંભ યોજી અર્પણ થશે.**

- ગુજરાતી સાહિત્ય પરિષદ અને 'સેન્ટર ફોર એક્સલન્સ' અને જગજીવન ફૂલચંદ સ્મારક ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી પરેશ નાયકે 'કૃતિ અને સંસ્કૃતિ' સાહિત્ય અને દ્રશ્ય કળાઓના સાંપ્રત સંદર્ભે વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને સંસ્કાર મિલન અને લાયન્સ કલબના સંયુક્ત ઉપક્રમે ઉશનસ્ વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. જેમાં પ્રા. જયદેવ શુક્લે ઉશનસ્‌ની કાવ્યયાત્રાનો રસપ્રદ પરિચય કરાવ્યો હતો.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને શિશુવિહાર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે સદ. યશવંત પંડ્યા સ્મારક વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૧૧-૧૨-૨૦૧૩ના રોજ શ્રી અર્ચન ત્રિવેદી 'ભવાઈ, જૂની રંગભૂમિ, આજની રંગભૂમિમાં ગીત-સંગીત અભિનયની વાતો' વિશે વ્યાખ્યાન આપ્યું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાતી સાહિત્ય અકાદમી અને ભવન્સ કલ્ચરલ, અંધેરી (મુંબઈ)ના સંયુક્ત ઉપક્રમે મુંબઈ ખાતે તા. ૧૭-૩-૨૦૧૩ના રોજ 'કનૈયાલાલ મુનશી : ગુજરાતની અસ્મિતાના સ્વપ્નદૃષ્ટા' વિષયક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.
- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા.૨૩-૩-૨૦૧૩ના રોજ 'અર્વાચીન ગુજરાતી હાસ્યસાહિત્ય' વિશે પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૨૫-૫-૨૦૧૩ના રોજ શ્રી મધુસૂદન કાપડિયાની ઉપસ્થિતિમાં તેમના પુસ્તક 'અમેરિકાવાસી ગુજરાતી સર્જકો' ઉપર શ્રી વિનોદ જોશીએ વક્તવ્ય આપ્યું હતું.

**– નીતિન વડગામા**

# વર્ષ ૨૦૧૩માં સૂરતમાં યોજાયેલી પ્રવૃત્તિઓ

- તા.૨૬-૧-૨૦૧૩ના રોજ વાર્તા લખવાની કળા અંતર્ગત કામિની સંઘવી, જય દિક્ષિત, હીના પંડ્યાએ વાર્તાપઠન કર્યું.
- તા.૦૩-૨-૨૦૧૩ના રોજ ઈબ્સનના નાટક એન એનિમી ઓફ ધ પીપલ દશ્ય-શ્રાવ્યની નરેશ કાપડિયાએ રજૂઆત કરી.
- તા.૧૬-૨-૨૦૧૩ના રોજ ડૉ. રમેશ ઓઝાએ શેક્સપિયરના કૉમેડી નાટક ટ્વેલ્થ નાઈટ પર વ્યાખ્યાન આપ્યું.
- તા.૧૫-૩-૨૦૧૩ના રોજ કવિશ્રી ચિનુ મોદી સાથે એક સાંજ કાર્યક્રમનું આયોજન થયું.
- તા.૨૧-૩-૨૦૧૩ના રોજ 'વાર્તા લખવાની કળા'માં શ્રી શરીફા વીજળીવાળા, જનક નાયક, હેમાંશી શેલતે વાર્તાપઠન કર્યું.
- તા.૬-૬-૨૦૧૩ના રોજ ડૉ. રમેશ ઓઝાએ શેક્સપિયરના કોમેડી નાટક 'એઝ યુ લાઈટ ઈટ' પર વક્તવ્ય આપ્યું.
- તા.૨૦-૫-૨૦૧૩ના રોજ સામ્પ્રત ગુજરાતી રંગભૂમિ વિશે ધ્વનિલ પારેખે વક્તવ્ય આપ્યું.
- તા.૨૨-૬-૨૦૧૩ના રોજ જીમ સ્ટોવેલની નવલકથા ધ અલ્ટિમેટ ગિફ્ટનો પરિચય અશ્વિન દેસાઈએ આપ્યો.
- તા.૨૪-૮-૨૦૧૩ના રોજ શેક્સપિયરના કોમેડી પાત્ર 'સર જહોન ફોલસ્ટાફ' પર ડૉ. રમેશ ઓઝાએ વક્તવ્ય આપ્યું.
- તા.૪-૯-૨૦૧૩ના રોજ કવિશ્રી રતિલાલ 'અનિલ'ને શ્રદ્ધાંજલિ અર્પતો કાર્યક્રમ યોજાયો.
- તા.૭-૧૨-૨૦૧૩ના રોજ 'વાર્તા' લખવાની કળાનો વર્કશોપ યોજાયો જેમાં નીલમ દોશી, દક્ષા સંઘવીએ વાર્તાનું પઠન કર્યું.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાહિત્ય સંગમના સંયુક્ત ઉપક્રમે નીચેના કાર્યક્રમો યોજાયાં હતા.

- તા.૬ઠ્ઠી અને સાતમી ઓગષ્ટના રોજ વિદ્યાર્થી વિકાસ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો.
- તા.૨૨ અને ૨૩ ઓગષ્ટના રોજ વિદ્યાર્થી વિકાસ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો.
- તા.૪ અને ૫ સપ્ટેમ્બરે વિદ્યાર્થી વિકાસ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો.
- તા.૧૦ અને ૧૧ ઓક્ટોબરે વિદ્યાર્થી વિકાસ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો.
- તા.૨૪ અને ૫૫ ઓક્ટોબરે વિદ્યાર્થી વિકાસ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો.
- તા.૪ અને ૫ ડિસેમ્બરે વિદ્યાર્થી વિકાસ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો.

**— જનક નાયક**



(૩)

# ઈન્ટરનેટ/વેબ/સમાચાર

- **વેબસાઈટ**
- **ચી.મ. ગ્રંથાલયના વનસ્થલી પ્રોજેક્ટની યાદી**
- **રાષ્ટ્રીય પુસ્તકમેળામાં નિદર્શન (અ.મ્યુ.કો.) : ભાષા અને કમ્પ્યૂટર સજ્જતા, ગુજરાતી વિકિપીડિયા**
- **પરિષદ પરિચય**
- **ડેટા સેન્ટર**
- **પરિષદ પુસ્તકકેન્દ્ર - 'ગ્રંથવિહાર'**
- **વેબસાઈટ**

ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ પરના મુલાકાતીઓની વિગતનો અહેવાલ :-

– **સંખ્યા :** સ્ટેટીસ્ટીક્સને આધારે, દર મહિને આવતા મુલાકાતીઓની સંખ્યામાં વધારો થયો છે. સરેરાશ ગણીએ, તો મહિને છથી સાત હજાર જેટલા નવા મુલાકાતીઓ (યુનીક વીઝીટર્સ) આવે છે. જ્યારે પરબનો નવીન અંક ઉમેરવામાં આવે, અથવા જ્યારે મીડિયા, ન્યુઝલેટર, ફેસબુક વગેરે દ્વારા કાર્યક્રમની જાણ કરવામાં આવે, ત્યારે મુલાકાતીઓની સંખ્યા ઘણી વધી જાય છે. લગભગ નવ હજાર ઉપર થઈ જાય છે.

– **દેશ :** આવનાર મુલાકાતીઓમાંના મોટા ભાગના ભારતથી છે. તે ઉપરાંત યુનાઈટેડ સ્ટેટ્સ, જાપાન, ગ્રેટ બ્રિટન, યુરોપના દેશ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, દૂર પૂર્વના દેશો, પડોશી દેશો વગેરે દેશોમાંથી પણ મુલાકાતીઓ આવે છે.

– **સમય :** વેબસાઈટ પરના મુલાકાતીઓમાંના મોટાભાગના, બેથી ત્રણ મિનિટ જેટલો સમય ગાળે છે. જેનાથી એવું માની શકાય કે તેઓ કોઈ ચોક્કસ માહિતી મેળવવા આવતા હોય છે.

– **માહિતી :** આ મુલાકાતીઓ વેબસાઈટ ઉપર શું કરે છે ? માહિતીના આંકડાઓ પરથી જણાય છે કે સૌથી વધારે પરબનું વાંચન થાય છે. તે ઉપરાંત પ્રમુખશ્રીનો લેખ પણ ઘણો વંચાતો હોય છે. બાકીના મુલાકાતીઓ સાહિત્યસર્જકના પરિચયના પૃષ્ઠ ઉપર તેમનો સમય ગાળતા હોય છે, તો કેટલાંક અન્ય માહિતી મેળવતા હોય છે.

– **બ્રાઉઝર :** લગભગ ૩૫% મુલાકાતીઓ ક્રોમ બ્રાઉઝર વાપરતા હોય છે. તો

ફાયરફોક્ષ અને ઈન્ટરનેટ એક્સ્પ્લોરર વાપરનારા ૨૦% જેટલા છે. ૫% લોકો સફારી વાપરે છે, તો મોબાઈલ કે ટેબલેટ પર વાંચનાર વર્ગ ૪% જેટલો છે.

– **સર્ચ એન્જિન :** ૭૭% મુલાકાતીઓ ગુગલ સર્ચ દ્વારા આપણી સાઈટ પર આવે છે. ૯% અન્ય સર્ચ એન્જિન દ્વારા આવે છે. જ્યારે બાકીના મુલાકાતીઓ ૧૪% ફેસબુક, બ્લૉગ્સ, વિકિપીડિયા, તેમજ ઈમેલ દ્વારા મોકલવામાં આવતી લિન્કને આધારે આવતા હોય છે.
– **શોધ :** ગુગલ અથવા અન્ય સર્ચ એન્જિન પર શોધ; જે શબ્દોના આધારે હોય છે, તે ગુજરાતી અને અંગ્રેજી હોય છે. શોધ દર મહિને બદલાતી હોય છે, જેમકે : પરબ, ઉમાશંકર જોશી, મહાત્મા ગાંધી, ગાંધીજી, ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, ગુજરાતી સાહિત્ય, પ્રહલાદ પારેખ, ચુનિલાલ મડિયા, કાકાસાહેબ કાલેલકર, માનવીની ભવાઈ, કવિ, નવલકથા, કુન્દનિકા કાપડિયા, કનૈયાલાલ મુનશી, ગુજરાતી નવલકથા, ધૂમકેતુ, રામનારાયણ પાઠક વગેરે....
– **ફેસબુક :** ફેસબુક પર ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યોની સંખ્યા ૫,૦૦૦ છે અને તેમને પરિષદના કાર્યક્રમોની માહિતી નિયમિતરૂપે આપવામાં આવે છે. સભ્ય થવાની અરજી ૨૦૦૦થી પણ વધારે આવેલી છે, પરંતુ ફેસબુક પર સભ્યસંખ્યાની મર્યાદા ૫,૦૦૦ હોવાને કારણે તેઓ મંજૂર થઈ શકતા નથી. તે માટે ફેસબુક પર ગુજરાતી સાહિત્ય પરિષદનું પેજ બનાવવામાં આવ્યું છે, જેથી સભ્ય ન હોય તે સર્વે પણ કાર્યક્રમોની જાહેરાત વગેરે વાંચી શકે છે. ફેસબુક-પેજને આપણી વેબસાઈટ સાથે સાંકળી લેવામાં આવ્યું છે અને જાહેરાત જેવી ફેસબુક પર મૂકાય, તેવી જ તે માહિતી વેબસાઈટ ઉપર પણ આપોઆપ પ્રકાશિત થઈ જાય છે.

- **ચી.મં. ગ્રંથાલયના વનસ્થલી પ્રોજેક્ટની યાદી**

  ભારત સરકારના વનસ્થલી યુનિવર્સિટી હેઠળના પુસ્તક-ડીજીટલાઈઝેશન પ્રોજેક્ટ હેઠળ ડીજીટલાઈઝ થયેલા પુસ્તકો તેમજ સામયિકોની તૈયાર થઈને આવેલી પ્રથમ શ્રેણીમાં લગભગ ૩૩ સીડી મળી, જેની યાદી તૈયાર કરવામાં આવી છે. આ યાદી લગભગ ૨૨૦૦ પુસ્તકોની છે. માત્ર યાદી જ નેવું પાનાંની છે.

- **રાષ્ટ્રીય પુસ્તક મેળામાં નિદર્શન : ભાષા અને કમ્પ્યૂટર સજ્જતા, ગુજરાતી વિકિપીડિયા**

  ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી લેક્સિકોનના સંયુક્ત ઉપક્રમે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત રાષ્ટ્રીય પુસ્તક મેળો (મે-૨૦૧૩) દરમિયાન બે દિવસની ટૂંકી કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં, રૂપલ મહેતા, મૈત્રી શાહ, હર્ષ કોઠારી, સમકિન શાહ દ્વારા 'ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર સજ્જતા' પર રજૂઆત થઈ હતી. જેમાં નીચેના વિષયો પર



છણાવટ કરવામાં આવી હતી: આજની દુનિયામાં આવી રહેલા ધરખમ ફેરફારો સાથે ભાષા માટે શું થઈ શકે, શરૂઆત ક્યાંથી કરવી, ગુજરાતીમાં ટાઈપ કેવી રીતે કરવું, ગુજરાતી લેક્સિકોન, ભગવદ્રોમંડળ, તથા ગુજરાતી વિકિપીડિયા વિશે પણ સવિસ્તાર માહિતી આપવામા આવી હતી. કોન્ફરન્સને અંતે પ્રશ્નોત્તરી વિભાગ રસપ્રદ રહ્યો.

- **પરિષદ પરિચય**

  ક.લા. સ્વાધ્યાયમંદિર વિશે વિસ્તૃત પ્રેઝન્ટેશન (રજૂઆત) તૈયાર કરવામાં આવી છે. તેને અનુસરીને ગુજરાતી સાહિત્ય પરિષદના પરિચય પ્રેઝન્ટેશનને અદ્યતન કરવાની તાકીદની જરૂર જણાઈ છે. આ બંને રજૂઆતને આધારે પરિષદની પરિચય પુસ્તિકા પણ તૈયાર કરી શકાય.

- **ડેટા સેન્ટર**

  ડેટા સેન્ટર ઊભું કરવા માટે તજજ્ઞોની સમિતિ રચાઈ છે અને તેને માટેના પ્રશ્નો, સમસ્યાઓ વગેરેની ચર્ચા થઈ રહી છે. જે મુજબ, પ્રથમ તબક્કામાં ડેટા સેન્ટરમાં બે પ્રકારનો ડેટા રહેશે.

  (૧) જાહેર (જેમકે પ્રકાશનો)
  (૨) માત્ર અધિકૃત વ્યક્તિ જ મેળવી શકે એ માહિતી
  (જેમ કે એકાઉન્ટસ તથા ડોક્યુમેન્ટસ)

  **જાહેર વિભાગ :**

  ૧. ઓડિયો-વીડિયો : વ્યાખ્યાનોના ઓડિયો-વીડિયો રેકોર્ડિંગ્સ. (જૂનાં તથા નવાં)
  ૨. પરિષદ પ્રકાશનો : પરિષદ દ્વારા પ્રકાશિત થયેલા તમામ પુસ્તકોની યાદી-જેની સાથે ગ્રંથ સમીક્ષા તથા લેખક વિશે સાંકળી શકાય.
  ૩. ઈ-બુક્સ : વનસ્થલી દ્વારા ડીજીટાઈઝ્ડ થયેલાં પુસ્તકો, જૂનાં સામયિકો, પરબના અંકો (નવાં તથા જૂનાં)
  ૪. કોશમાંની વિગત (કોપીરાઈટ્સ ન હોય, તે)
  ૫. ફોટા : લેખકોનાં ફોટા (જૂનાં તથા નવાં) તથા પરિષદના કાર્યક્રમોના ફોટા - તમામનું સંપાદન

- **પરિષદ પુસ્તકકેન્દ્ર - 'ગ્રંથવિહાર'**

  પરિષદના પુસ્તકકેન્દ્ર ગ્રંથવિહારને ટેકનોલૉજીની સહાય મળે, તે માટે તેને ઈમેલ એડ્રેસથી સજ્જ કરવામાં આવ્યું છે. પ્રકાશકો પાસેથી પુસ્તકોની ખરીદીની વ્યવસ્થા માટે તેમજ ગ્રાહકોને સરળતાથી પુસ્તકો મળી શકે, તે માટે અદ્યતન સોફ્ટવેર વિકસાવવામાં આવી રહ્યું છે.

**– રૂપલ મહેતા**

(૪)

# પ્રકાશન પ્રવૃત્તિ

પરિષદનો મુખ્ય હેતુ સાહિત્યના પ્રચાર-પ્રચારનો છે. એનું માધ્યમ છે પુસ્તકો. ગુજરાતી સાહિત્ય પરિષદની અનેકવિધ પ્રવૃત્તિઓમાં પુસ્તકપ્રકાશન મહત્ત્વની પ્રવૃત્તિ છે. સામાન્ય રીતે વ્યાવસાયિક પ્રકાશનો જે પુસ્તકો ન છાપે, પરન્તુ અભ્યાસીઓને ખપ લાગે તેવાં પુસ્તકોનું પ્રકાશન પરિષદ કરે છે. નવોદિત સર્જકોને પ્રોત્સાહન આપવા એમના પ્રથમ પુસ્તકનું પ્રકાશન પરિષદ કરે છે. વળી વર્ષ દરમિયાન વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયેલાં કાવ્યો તેમજ ટૂંકી વાર્તાઓમાંથી પસંદ કરીને પ્રતિવર્ષ કવિતાચયન અને નવલિકાચયન પ્રસિદ્ધ કરાય છે. તેનું સંપાદન તે સ્વરૂપના અધિકારી સર્જકને સોંપાય છે. ક્યારેક પરિષદ નિમંત્રણ આપીને પુસ્તકની હસ્તપ્રત મંગાવે છે. આ સઘળાં પુસ્તકોની હસ્તપ્રત પરામર્શન માટે મોકલાય છે. દરેક પ્રકાશન પ્રાપ્ત થયેલ દાનમાંથી કરવામાં આવે છે. પુનઃમુદ્રણ પણ કરાય છે. પરિષદના મુખપત્ર ‘પરબ’માં પણ સર્જાતા સાહિત્ય પ્રકાશિત થતું રહે છે તો સંશોધન અને વિવેચનાત્મક લેખો પ્રકાશિત થતા રહે છે.  ૨૦૧૨-૧૩ના વર્ષ દરમિયાન રૂા.૧૦,૪૦,૩૬૬/-નું પુસ્તકોનું વેચાણ થયું છે. ગત બે વર્ષ દરમિયાન પરિષદ દ્વારા જે પ્રકાશનો થયા છે તે અને કરેલ આયોજન નીચે મુજબ છે.

**પ્રકાશિત થયેલાં પુસ્તકો**

૧. પન્નાલાલ પટેલની વાર્તાઓના આસ્વાદ
૨. મધ્યકાલીન કાવ્યશાસ્ત્ર
૩. સ્વકીય
૪. ઓહ્‌વાટ (બી.કે. મજુમદાર)
૫. ગુજરાતી કવિતાચયન-૨૦૧૦
૬. ગુજરાતી કવિતાચયન-૨૦૧૧
૭. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૦
૮. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૧
૯. ચાલો, રમીએ નાટક
૧૦. દીઠે અડસઠ જાત્ર (પુનમુદ્રણ)

૧૧. વનેચરની વાગ્દંડી

૧૨. ધૂપિયું

૧૩. થર્સ્ટી ફીશ એન્ડ અધર સ્ટોરીઝ (સુંદરમ્)

૧૪. પોયણું

૧૫. મુખવટાના શહેરમાં

૧૬. સાહિત્યમાં દરિયો

**હાલ કમ્પોઝમાં મોકલેલ હસ્તપ્રતો નીચે મુજબ છે.**

૮. ગુ.સા.ઇતિહાસ ખંડ-૭

૯. ભોગીલાલ ગાંધી શતાબ્દી સ્મૃતિગ્રંથ

૧૧. જ્ઞાનસત્ર : સાહિત્યનું સરવૈયુ

૧૨. પોળોના પાદરમાં (બી.કે. મજુમદાર)

૧૩. વિદ્યાબેન નીલકંઠ : સમગ્ર સાહિત્ય

**નવાં પ્રકાશનો કરવાનું આયોજન. (વર્ષ ૨૦૧૩)**

૧. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૨

૨. ગુજરાતી કવિતાચયન-૨૦૧૨

૩. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૩

૪. ગુજરાતી કવિતાચયન-૨૦૧૩

૩. રમણલાલ જોષી શ્રેણી અંતર્ગત વિવેચનગ્રંથ

૪. હસમુખ પાઠકનાં કાવ્યો

૫. પરિવાર વિષયક કાવ્યોનું સંપાદન

૬. શિવ પંડ્યાનાં કાવ્યો-કાર્ટૂન

૭. સુન્દરમ્‌નાં સર્જનમાંથી સંપાદન

**—પ્રફુલ્લ રાવલ**



## (૫)
## ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત કાર્યક્રમો/પ્રવૃત્તિઓ
## (જાન્યુઆરી-૨૦૧૨થી ડિસેમ્બર-૨૦૧૨)

- **ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ :-**

ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા હાલ મુખ્ય કામગીરી રૂપે ‘ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ’ ગ્રંથ સાતનું લેખન-સંપાદનનું કાર્ય ચાલે છે. આ સાતમા ગ્રંથમાં કુલ ૧૫૬૯ સર્જકો વિશેના ઈતિહાસઆલેખોનો સમાવેશ થશે. તેમાં બહારના વિદ્વાનોને સોંપેલા મોટાભાગના અધિકરણો આવી ગયા છે. હાલમાં સંપાદનકાર્ય ચાલુ છે. ઈતિહાસ ગ્રંથ-૭નું ત્રીજું પ્રૂફ તપાસવાનું કાર્ય ચાલે છે

- **ગુજરાતી સાહિત્યકોશનું શોધનવર્ધન :-**

ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત ‘ગુજરાતી સાહિત્યકોશ’ના શોધન-વર્ધનના કાર્યનો આરંભ થયો છે. હાલમાં ‘ગુજરાતી સાહિત્યકોશ’ ભાગ-૨માં સમાવેશ પામેલા જે સાહિત્યકારો વિશેની માહિતી સંવર્ધિત કરવાની છે, તેવા લગભગ ૫૧૪ સાહિત્યકારોની યાદી તૈયાર કરી છે. તેમના વિશેની સંદર્ભ-સામગ્રી તૈયાર કરવાનું કાર્ય ચાલે છે. ‘પરબ’, ‘શબ્દસૃષ્ટિ’, ‘સામયિક લેખસૂચિ’ તેમ જ ‘ગુજરાતી ગ્રંથસૂચિ’-૬,૭,૮માંથી કૃતિ-કર્તા વિષયક લેખોની માહિતી ઉમેરી. આ ઉપરાંતના સંદર્ભગ્રંથોમાંથી માહિતી ઉમેરવાનું ચાલું છે.

‘ગુજરાતી સાહિત્યકોશ’ ગ્રંથ-૨માં ૧૯૫૦ સુધી જન્મેલાં સાહિત્યકારોનો સમાવેશ થયો છે. અને ૧૯૮૫ સુધી જન્મેલાં સાહિત્યકારો અને તેમના ગ્રંથો વિશેની યાદી તૈયાર કરવાનું કામ ચાલે છે. એની સાથે અધિકરણલેખનનું કાર્ય શરૂ થયું છે, અંદાજે ૨૬૦ જેટલાં અધિકરણો લખાઈ ગયા છે. ૧૯૫૦ પછી જન્મેલાં સાહિત્યકારોને માહિતીપત્રકો મોકલ્યા છે.

- **અનુવાદ,પત્રકારત્વ અને માતૃભાષા વિશેના અભ્યાસક્રમોનું શિક્ષણ :-**

ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા વિવિધ અભ્યાસક્રમોના શિક્ષણનું કાર્ય અવિરતપણે ચાલે છે.

- **અનુવાદ અને પત્રકારત્વ પ્રમાણપત્ર અભ્યાસક્રમ :-**

શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા ગુજરાત યુનિવર્સિટી માન્ય અનુવાદ અને પત્રકારત્વના છ મહિનાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો ચાલે છે. તેની ત્રીજી બેચનો

આરંભ ૧ જુલાઈ ૨૦૧૩થી થયો છે. પત્રકારત્વમાં ૨૬ વિદ્યાર્થીઓ અને અનુવાદમાં ૧૪ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પત્રકારત્વના અભ્યાસક્રમનું સંયોજન શ્રી દૃષ્ટિ પટેલ કરે છે. તેમનો આભાર માનું છું.

- **માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ :-**

  શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર અને ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમની નવમી બેચ તા.૧-૭-૨૦૧૩થી ૧૮-૭-૨૦૧૩ દરમ્યાન યોજાઈ હતી.
- **પ્રૂફવાચન પ્રમાણપત્ર અભ્યાસક્રમ :-**

  શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર અને ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા પ્રૂફવાચન પ્રમાણપત્ર અભ્યાસક્રમનો પ્રારંભ થયો છે. તા.૨-૯-૨૦૧૩થી તા.૧-૧૦-૨૦૧૩ સુધી યોજાયેલા આ અભ્યાસક્રમમાં ૫૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા.
- **રાષ્ટ્રીય પરિસંવાદ :-**
- ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા 'સાહિત્ય અને પત્રકારત્વ' વિશે તા.૮-૧-૨૦૧૩ના રોજ રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો.
- ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા 'ભાષાવિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો અભ્યાસ વિશે તા.૨૩-૨-૨૦૧૩ના રોજ રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો.
- ગુજરાતીનો અધ્યાપક સંઘ, ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાયંદિર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા.૨૦-૧૦-૨૦૧૩ના રોજ 'અધ્યાપક સજ્જતા શિબિર' યોજાઈ હતી.
- ડૉ. ભોગીલાલ સાંડેસરા ચેરના માનાર્હ અધ્યાપક તરીકે શ્રી રમણ સોની નિમણૂંક પામ્યા છે. તેમનો વિષય 'વિષ્ણુદાસ-રચિત ચંદ્રહાસ-આખ્યાનનું સમીક્ષિત સંપાદન અને એના અનુસંધાનમાં તુલનાત્મક અભ્યાસ' છે.
- ડૉ. ભોગીલાલ સાંડેસરા ચેર અંતર્ગત મધ્યકાલીન ગુજરાતી કવિતામાં વેદાંત વિશે શ્રી નર્મદાબેન રાવલે મોટાભાગનું કાર્ય પૂરું કરેલ છે. બાકીનું ટૂંક સમયમાં થશે.
- શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા બી.કે મજૂમદાર ગ્રંથશ્રેણી અંતર્ગત વિવિધ સાહિત્યસ્વરૂપોમાં સર્જન કરનારા નવોદિત સર્જકોના પ્રથમ પુસ્તક રૂપે પ્રકાશિત થાય છે. જેમાં દિનેશ પટેલિયાના નિબંધસંગ્રહ 'પોળોના પાદરમાં'નું પ્રકાશન થયું છે. આ શ્રેણી માટે 'પરબ'માં જાહેરાત આપ્યા બાદ હસ્તપ્રતો મળી હતી. તેનું પરામર્શન શ્રી હરિકૃષ્ણ પાઠકે કર્યું છે.
- આ ઉપરાંત અનુવાદ-અભિમુખતા, ગ્રંથ સાથે ગોઠડી, એની સરૈયા લેખિકા-પ્રોત્સાહનનિધિ અંતર્ગત વિવિધ કાર્યક્રમો થયા છે.



## શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા થતી પ્રવૃત્તિઓની યાદી

| ક્રમ | પ્રવૃત્તિ | સમય | સંયોજક | સ્થળ | કાર્યપદ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૦૧ | અનુવાદ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના સોમ-મંગળ | પારુલ કં. દેસાઈ ૯૪૨૭૦૨૧૦૪૮ | પરિષદ | ગુજ. યુનિ. માન્ય પ્રમાણપત્ર અભ્યાસક્રમ |
| ૦૨ | પત્રકારત્વ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના સોમ-મંગળ | દૃષ્ટિ પટેલ ૯૯૨૫૩૮૫૧૫૦ | પરિષદ | ગુજ. યુનિ. માન્ય પ્રમાણપત્ર અભ્યાસક્રમ |
| ૦૩ | પ્રૂફવાચન અભ્યાસક્રમ | વર્ષમાં એકવાર | પારુલ કં. દેસાઈ કિશોરી ચંદારાણા | પરિષદ | પ્રમાણપત્ર અભ્યાસક્રમ |
| ૦૪ | સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી | | પારુલ કં. દેસાઈ ૯૪૨૭૦૨૧૦૪૮ | પરિષદ | સાહિત્યના સિદ્ધાંત વિશે મૂળગામી ચર્ચા |
| ૦૫ | ગ્રંથગોષ્ઠિ | | ઈતુભાઈ કુરકુટિયા ૯૭૧૪૬૪૦૧૫૬ | પરિષદ | નવા પ્રકાશિત પુસ્તકો અને વિશિષ્ટ ગ્રંથો વિશે ગોષ્ઠિ |
| ૦૬ | એનીબેન સરૈયા લેખિકાનિધિ | દર મહિનાનો ત્રીજો સોમવાર | પ્રજ્ઞા પટેલ/પારુલ દેસાઈ ૯૮૨૫૪૩૮૩૯૪ | પરિષદ | બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ |

(૬)

# ચી.મં. ગ્રંથાલય પરિચય અને પ્રવૃત્તિ

## ગ્રંથાલયનો પરિચય :

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી.મં. ગ્રંથાલયની સ્થાપના ૧૭ માર્ચ, ૧૯૮૦માં થઈ છે. આ ગ્રંથાલયમાં અત્યારે ૮૦,૦૦૦ પુસ્તકો ઉપલબ્ધ છે. જેમાં ૧૪૮૯ દુર્લભ પુસ્તકો, ૮૨૪૩ હસ્તપ્રતો, ૭૮ જેવા સાહિત્યના સામયિકોની ફાઈલો અને ૧૬૦ સાહિત્યકારોના ફોટોગ્રાફ છે. ગ્રંથાલયમાં પુસ્તકો ભેટ મળેલા છે. જેમકે બાલુભાઈ પારેખ, નગીનદાસ પારેખ, રા.વિ. પાઠકના પુસ્તકો સહિત ૧૪ કબાટો અને નિરંજન ભગતનાં પુસ્તકો સહિત ૧૦ કબાટો ભેટ મળેલા છે. જેને સંદર્ભ તરીકે અલગ રાખેલા છે. ગ્રંથાલયમાં વિવિધ પ્રકારના વાચકો જેવાકે એમ.એ., એમ.ફીલ, પીએચ.ડી. તેમજ સંશોધકો પોતાને જોઈતા પુસ્તકો અને સંદર્ભ સેવા મેળવે છે. આ ગ્રંથાલય સંશોધનના ઉત્તમ ગ્રંથાલય તરીકે સેવા આપે છે.

શ્રી ધીરુભાઈ પરીખનાં ભેટ પુસ્તકો, સ્વ.શ્રી અનંતરાય રાવળનાં ભેટ પુસ્તકો અને સ્વશ્રી રમણલાલ જોશીનાં ભેટ પુસ્તકો મળ્યાં છે. (તમામ પુસ્તકો અદેય રાખ્યાં છે)

## ગ્રંથાલયના આકર્ષણો :

- જગન મહેતાએ પાડેલા ૧૬૦ સાહિત્યકારોના ફોટાનો સંગ્રહ ગ્રંથાલય પાસે છે.
- નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયાની ડાયરી (હસ્તપ્રત) ગ્રંથાલય પાસે છે.
- સિત્તેર હજાર પુસ્તકો ધરાવતા આ પુસ્તકાલયનું સંપૂર્ણ ડિઝીટ્લાઈઝેશન કરવામાં આવ્યું છે.
- આજીવન સભ્યો પાસવર્ડ દ્વારા ઘેર બેઠા પુસ્તકાલયની યાદી જોઈ શકે છે.
- સવાસો વર્ષ જૂનાં સંદર્ભ પુસ્તકો ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.
- સવાસો વર્ષ જૂનાં અલભ્ય સામયિકોની સંદર્ભ સેવા ઉપલબ્ધ છે.
- બાળ વિભાગ અંતર્ગત બાળકોને નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવે છે. બાળકો માટે રમતના, જ્ઞાનના સાધનો ઉપરાંત કેટલીક ચિત્રોની સીડી પણ જોવા મળી શકે છે. વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે. રાષ્ટ્રીય ગ્રંથસપ્તાહ નિમિત્તે વિવિધ કાર્યક્રમો પણ યોજાય છે.



## ગ્રંથાલયની પ્રવૃત્તિઓ :

- ચી.મં. ગ્રંથાલયના સાઈઠ હજાર પુસ્તકોની યાદી લોગ-ઈન દ્વારા પુસ્તકોના શીર્ષકો હવે આપ લેખકના નામ દ્વારા પુસ્તકના નામ દ્વારા અથવા પુસ્તકના પ્રકાર દ્વારા ઘેર બેઠાં જ જાણી શકશો. આ સેવા નિઃશુલ્ક છે.

  જેની વેબસાઈટ http//gujaratisahityaparishad.com/library/ છે. ઈમેલ દ્વારા પુસ્તકો રીન્યુ થઈ શકે છે.
- વર્ષ દરમિયાન લગભગ કુલ ૬૦૦ જેટલા નવાં સભ્યો બને છે. ૭૩૧ આજીવન સભ્યો છે.
- ૬૧૫૯૯ પુસ્તકોનો કેટલૉગ ગુજરાતી સાહિત્ય પરિષદની વેબ સાઈટ પર મૂક્યો છે.
- ૧૦૦૮ ગ્રંથાલયનાં નવાં પુસ્તકોની ડેટા-એન્ટ્રી થઈ છે.
- વનસ્થલી યુનિવર્સિટી રાજસ્થાન દ્વારા ગ્રંથાલયનાં દુર્લભ પુસ્તકો, હસ્તપ્રતો અને જૂનાં સામયિકોનું ડિઝીટ્લાઈઝેશન કરવાનો પ્રોજેક્ટ પૂરો થઈ ગયો છે. થોડા સમય પછી વાચકોને ઉપલબ્ધ થશે.
- ૧૪૮૯ દુલર્ભ પુસ્તકોનું ડિઝીટ્લાઈઝેશન થઈ ગયું છે.
- 'રાષ્ટ્રીયગ્રંથ સપ્તાહ'ની ઊજવણી દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સાહિત્યિક કાર્યક્રોનું આયોજન કરવામાં આવે છે.

**– કીર્તિદા શાહ**

### પરિષદ પરિસરનું આધુનિકિકરણ

- રા.વિ. પાઠક સભાગૃહ સંપૂર્ણ વાતાનુકૂલિત તથા તમામ અનિવાર્ય અદ્યતન સગવડો સાથે કાર્યરત છે.

  **કુલ બેઠક ૩૨૫**
- સેમિનાર હોલનું સંપૂર્ણ વાતાનુકૂલિત સાથે આધુનિકીકરણ

  આ ખંડમાં ૧૦૦ બેઠકોની વ્યવસ્થા તથા તમામ જરૂરીયાતો ઉપલબ્ધ કરાવવામાં આવી.
- હાલના કાર્યાલયની જગ્યાને વિસ્તારી નાનો ખંડ તૈયાર કરવામાં આવ્યો છે.
- પરિષદ પ્રાંગણનું તથા પાર્કિંગ વિસ્તારનું રમણીય નવીનીકરણ કરવામાં આવ્યું છે.
- લિફ્ટની સગવડ ઉપલબ્ધ કરવામાં આવી છે.

(૭)

# શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

## 'વિશ્વ માતૃભાષા દિન પર્વ'

- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર' અને ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા ૨૧ ફેબ્રુઆરી 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી. ગુજરાતની પ્રજા પોતાની માતૃભાષા ગુજરાતી માટે ગૌરવ અનુભવે તે માટે ચાલુ વર્ષ ૨૦૧૩થી દર માસની ૨૧મી તારીખે ગુજરાતી ભાષા અને વ્યાકરણને લગતા વિષયો પર એક વ્યાખ્યાનમાળાનું આયોજન કર્યું.

## 'માતૃભાષા વ્યાખ્યાનશ્રેણી'

- વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત તા.૨૧-૩-૨૦૧૩ના રોજ રતિલાલ બોરીસાગરે ગુજરાતી ભાષામાં અનુસ્વાર વિશે વક્તવ્ય આપ્યું.
- વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત તા.૨૧-૪-૨૦૧૩ના રોજ ડૉ. યોગેન્દ્ર વ્યાસે કવિતા દ્વારા ભાષાશિક્ષણ વિશે વક્તવ્ય આપ્યું.
- વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત તા.૨૧-૫-૨૦૧૩ના રોજ રતિલાલ બોરીસાગરે અનુસ્વાર વિશે વક્તવ્ય આપ્યું.
- વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત તા.૨૧-૬-૨૦૧૩ના રોજ રતિલાલ બોરીસાગરે અનુસ્વાર વિશે વક્તવ્ય આપ્યું.
- માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા જુદી જુદી સંસ્થાઓના સહયોગમાં લગભગ દર ત્રણ મહિને ભાષાવિષયક વ્યાખ્યાન યોજવામાં આવે છે.
- શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર અને શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર અંતર્ગત 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ'ની બેચ તા.૧-૪-૨૦૧૩થી ૧૬-૪-૨૦૧૩ દરમિયાન યોજાઈ હતી.
- રાષ્ટ્રીય પુસ્તકમેળામાં રતિલાલ બોરીસાગરે પ્રુફ વાંચન અંગે વક્તવ્ય આપ્યું.
- માતૃભાષાકૌશલ અભ્યાસક્રમની અગામી બેચ જાન્યુઆરીથી શરૂ થશે.



(૮)

# રવીન્દ્રભવન

- રવીન્દ્રભવન અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૭-૩-૨૦૧૨ બુધવારના રોજ 'ચિત્રો દ્વારા ટાગોર' વિશે શ્રી પ્રબોધ પરીખે (ચિત્રોની સ્લાઈડો સાથેનું) વ્યાખ્યાન આપ્યું હતું.
- રવીન્દ્ર ભવન અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૬-૨-૨૦૧૩ને બુધવારના રોજ 'વિદાય અભિશાપ' અને ઉમાશંકરના 'કચ' વિશે શ્રી અનિલા દલાલે વ્યાખ્યાન આપ્યું.
- રવીન્દ્ર ભવન અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૬-૩-૨૦૧૩ને બુધવારે 'રબીન્દ્રનાથેર જીવન ઓ સમય' મુજિબુર રહેમાન દિગ્દર્શિત બાંગ્લા ફિલ્મ દર્શાવી.
- રવીન્દ્ર ભવન અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૩-૪-૨૦૧૩ને બુધવારે 'રવીન્દ્રનાથ પૂર્વેના સમયમાં બંગાળ અને ગુજરાતના સંબંધો' વિશે શૈલેશ પારેખનું વ્યાખ્યાન યોજાયું.
- રવીન્દ્ર ભવન અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૩-૭-૨૦૧૩ને બુધવારના રોજ ટાગોરના 'નેશના લિઝમ' વિશે ત્રિદીપ સુહૃદનું વ્યાખ્યાન યોજાયું હતું.
- રવીન્દ્ર ભવન અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૪-૯-૨૦૧૩ને બુધવારે ટાગોરના કાવ્યસંગ્રહ 'The Gardener' વિશે દક્ષા વ્યાસનું વ્યાખ્યાન યોજાયું.
- રવીન્દ્ર ભવન અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૩-૧૦-૨૦૧૩ને ગુરુવારે રવીન્દ્રનાથના જીવન અને સાહિત્ય વિશે મલ્લિકા સારાભાઈનો કાર્યક્રમ 'વિથ લવ' યોજાયો હતો.
- રવીન્દ્ર ભવન અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૩૦-૧૧-૨૦૧૩ને શનિવારે કમલિની મુખરજી, સૂરજીત ગુહાના સ્વરે રવીન્દ્ર સંગીતનો કાર્યક્રમો યોજાયો.
- રવીન્દ્ર ભવન અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૨-૧૨-૨૦૧૩ને સોમવારે સુપ્રિયા રોયનું વ્યાખ્યાન યોજાયું.

(૯)

# વિશિષ્ટ કાર્યક્રમો

## 'પાક્ષિકી'

**સંયોજક : દીવાન ઠાકોર**

દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે યોજાય છે. જેમાં વાર્તાકાર અપ્રગટ વાર્તા વાંચે અને ઉપસ્થિત ભાવકો પ્રતિભાવ આપે. વાર્તા મૌલિક કે અનુવાદિત હોઈ શકે. મુખ્યત્વે કોઈ પણ સાહિત્ય સ્વરૂપ હોઈ શકે.

- તા.૬-૧૨-૨૦૧૨ના રોજ સુરેશ ઓઝાએ વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૨૦-૧૨-૨૦૧૨ના રોજ જિજ્ઞેશ બ્રહ્મભટ્ટે વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૭-૧-૨૦૧૩ના રોજ દીનાબહેન પંડ્યાએ વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૭-૨-૨૦૧૩ના રોજ અતુલ રાવલે સલમાન રશદીનાં પુસ્તક 'જોસેફ એન્ટોન' પર વક્તવ્ય આપ્યું હતું.
- તા.૨૧-૨-૨૦૧૩ના રોજ નિર્મળાબહેન મેકવાને 'હટાણું' વાર્તાનું પઠન કર્યું હતું અને સાગર શાહ અને જિજ્ઞેશ બ્રહ્મભટ્ટે વાર્તા સંદર્ભે વિશદ ચર્ચા કરી હતી.
- તા.૨૮-૩-૨૦૧૩ના રોજ 'પાક્ષિકી'ના ઉપક્રમે આપણા સાહિત્યની બે ઉત્કૃષ્ટ વાર્તા કૃતિઓ પર આધારિત ટૂંકી ફિલ્મોની પ્રસ્તુતિનો કાર્યક્રમ પરિષદમાં યોજાયો હતો.
- તા.૪-૪-૨૦૧૩ના રોજ શ્રી દક્ષાબહેન પટેલે 'વિચ્છેદ' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૯-૬-૨૦૧૩ના રોજ 'પાક્ષિકી પર્વ' (વાર્તા મેળો) અંતર્ગત ૧૨ સર્જકોના વાર્તાપઠન અને કેફિયતથી કાર્યક્રમ આનંદસભર બન્યો હતો.
- તા.૨૫-૭-૨૦૧૩ના રોજ અભિમન્યુ આચાર્ય અને સાગર શાહે અનૂદિત કૃતિ વાંચી હતી.
- તા.૧-૮-૨૦૧૩ના રોજ પૂજા તત્સત્ 'સ્વીચ ઑફ' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૫-૮-૨૦૧૩ના રોજ હસમુખ રાવલે નિબંધ 'એક પગલું આકાશમાં'નું પઠન કર્યું હતું.
- તા.૫-૯-૨૦૧૩ના રોજ ઊર્મિ પંડિતે 'જડીબુટ્ટી' વાર્તાનું પઠન કર્યું હતું.



- તા.૧૯-૯-૨૦૧૩ના રોજ મોહન પરમારે 'જાળું' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૪-૧૦-૨૦૧૩ના રોજ મણિલાલ હ. પટેલે નિબંધ 'ગ્રાન્ડ કેનિયન'નું પઠન કર્યું હતું.
- તા.૧૭-૧૦-૨૦૧૩ના રોજ સુમંત રાવલે વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૪-૧૧-૧૩ના રોજ અશોક ચાવડાએ 'છાપ' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૨૧-૧૧-૧૩ના રોજ બિપીન પટેલે 'ચેખોવ' અને 'ઓ હેનરી' અનૂદિત વાર્તાઓનું પઠન કર્યું.
- તા.૫-૧૨-૨૦૧૩ના રોજ અનીલ ચાવડાએ તેમની વાર્તા 'રોજનીશી'નું પઠન કર્યું હતું.

## બુધસભા/વિશ્વકવિતા કેન્દ્ર

દર બુધવારે રાત્રે ૭.૦૦થી ૮.૦૦ વાગે કાવ્ય-કાર્યશાળા શ્રી ધીરુ પરીખના માર્ગદર્શન હેઠળ યોજાય છે.

- તા. ૩૦-૧-૨૦૧૩ના રોજ રાજેન્દ્ર શાહની કવિતામાં જીવનનો મહિમા વિશે શ્રી ધીરુ પરીખે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૨૭-૩-૨૦૧૩ના રોજ વ્હેલસના કવિ હર્બટ વિલ્યમની કવિતા વિશે શ્રી ધીરુ પરીખનું વક્તવ્ય યોજાયું હતું.
- તા. ૨૪-૪-૨૦૧૩ના રોજ રાજેન્દ્ર શાહની કવિતામાં લય સમૃદ્ધિ વિશે શ્રી ધીરુ પરીખનું વક્તવ્ય યોજાયુ.
- તા. ૨૯-૫-૨૦૧૩ના રોજ રાજેન્દ્ર શાહની કવિતામાં આધ્યાત્મિકતા વિશે શ્રી ધીરુ પરીખનું વ્યાખ્યાન યોજાયુ હતું.
- તા. ૨૬-૬-૨૦૧૩ના રોજ ડૉ. જયંતિ પટેલ 'રંગલો'એ ગુજરાતી કવિતામાં હાસ્ય વિશે વક્તવ્ય આપ્યું.
- તા. ૩૧-૭-૨૦૧૩ના રોજ નરસિંહ : અધ્યાત્મ અને કવિતા વિશે શ્રી ધીરુ પરીખનું વ્યાખ્યાન યોજાયું.
- તા. ૨૮-૮-૨૦૧૩ના રોજ નરસિંહ : ભક્તિશૃંગારની કવિતા વિશે શ્રી ધીરુ પરીખનું વ્યાખ્યાન યોજાયું.
- તા. ૨૫-૯-૨૦૧૩ના રોજ નરસિંહ મહેતાની જ્ઞાનલક્ષી કવિતા વિશે શ્રી ધીરુ પરીખનું વ્યાખ્યાન યોજાયુ હતું.

- તા. ૩૦-૧૦-૨૦૧૩ના રોજ ભગવદ્ગીતા : એક કવિતા વિશે શ્રી ધીરુ પરીખે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા. ૨૭-૧૧-૨૦૧૩ના રોજ ભગવદ્ગીતા : એક કવિતા (વ્યાખ્યાન ભાગ-૨) વ્યાખ્યાન યોજાયુ હતું.
- તા. ૧૮-૧૨-૨૦૧૩ના રોજ ભગવદ્ગીતા : એક કવિતા (વ્યાખ્યાન-૩) વિશે શ્રી ધીરુ પરીખનું વ્યાખ્યાન યોજાયું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને કવિલોકના સંયુક્ત ઉપક્રમે તા.૨૭-૨-૨૦૧૩ના રોજ શ્રી બચુભાઈ રાવતના જન્મદિવસ અને બુધસભાની ૮૧ વર્ષમાં પ્રવેશ નિમિત્તે બુધસભા-કવિ સંમેલનનું આયોજન થયું હતું. જેમાં શ્રી નિરંજન ભગતથી માંડીને આજની પેઢીના કુલ-૨૭ બુધસભાનાં કવિઓએ આ સંમેલનમાં ભાગ લઈ કાવ્યપઠન કર્યું હતું.

## ગ્રંથ સાથે ગોઠડી

### સંયોજક - હરીશ ખત્રી/ઈતુભાઈ કુરકુટિયા

દર મહિનાના પહેલા શુક્રવારે યોજાય છે. જેમાં કોઈ પણ પુસ્તક વિષે પરિચય અને પ્રશ્નોત્તરી હોય છે.

- તા.૭-૧૨-૨૦૧૨ના રોજ શ્રી સ્મિતાબહેન પિનાકિન શાહે અંગ્રેજી લેખક લૂઈ કૃત ‘યુ કૅન હિલ યૉર લાઈફ’નો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૧૫-૨-૨૦૧૩ના રોજ શ્રી પી.જી. પટેલે ખલીલ જિબ્રાન કૃત ‘ધી પ્રોફેટ’ અને કિશોરલાલ મશરૂવાળા અનુદિત ‘વિદાયવેળાએ’નો આસ્વાદ કરાવ્યો હતો.

## અનુવાદ અભિમુખતા

### (એચ.એમ. પટેલ અનુવાદ કેન્દ્ર અંતર્ગત)

### સંયોજક-રૂપા શેઠ

દર મહિનાના બીજા મંગળવારે યોજાય છે. જેમાં અનુવાદિત કૃતિઓનો આસ્વાદ હોય છે.

- તા.૧૨-૨-૨૦૧૩ના રોજ શ્રી પરેશભાઈ પંડ્યાએ અંગ્રેજીમા અનૂદિત ગઝલોનો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૧૨-૩-૨૦૧૩ના રોજ શ્રી રમેશ ર. દવેએ અનુવાદ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સમજાવી હતી.



- તા.૯-૪-૨૦૧૩ના રોજ શ્રી રમેશ ર. દવેએ અનુવાદ અંગે ચર્ચા કરી હતી.
- તા.૧૧-૬-૨૦૧૩ના રોજ શ્રી મધુસૂદન વ્યાસે ગુજરાતીમાંથી સંસ્કૃતમાં અનુવાદની વાત કરી હતી.

## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ

### સંયોજક-પ્રજ્ઞા પટેલ/પારુલ કં. દેસાઈ

દર મહિનાનાં પ્રથમ સોમવારે બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ યોજાય છે.

- તા.૧૨-૩-૨૦૧૩ના રોજ ધીરુબહેન પટેલની ઉપસ્થિતિમાં ‘સંગીત સાથે સર્જન’નો નવતર કાર્યક્રમ યોજાયો હતો.
- તા. ૨૨-૩-૨૦૧૩ના રોજ બિન્દુભટ્ટની ઉપસ્થિતિમાં લેખિકાઓ દ્વારા અપ્રકાશિત કૃતિઓના પઠનની એક બેઠક યોજાઈ.
- તા.૧૭-૬-૨૦૧૩ના રોજ જાણીતા બાળસાહિત્યકાર નટવરભાઈ પટેલની ઉપસ્થિતિ બેઠક મળી હતી.
- તા.૧૫-૭-૨૦૧૩ના રોજ શ્રી નટવરભાઈ પટેલની ઉપસ્થિતિમાં અપ્રકાશિત બાળકિશોર નાટકોના પઠનનો કાર્યક્રમ યોજાયો.
- તા.૧૯-૮-૨૦૧૩ના રોજ લેખિકાબહેનોની એક બેઠક યોજાઈ હતી. જેમા ઉપસ્થિત બહેનોએ પોતાની સ્વરચિત અપ્રકાશિત કૃતિઓનું પઠન કર્યું હતું.
- તા.૨૧-૧૦-૨૦૧૩ના રોજ છેકો એટલે ભૂંસવું, રદ કરવું વિષય પર વાર્તા, લઘુકથા, કાવ્ય લખીને તેનું વાંચન અને રસપ્રદ પ્રશ્નોત્તરી કરવામાં આવી.
- તા.૧૮-૧૧-૨૦૧૩ના રોજ વાર્તા, લઘુકથા કાવ્યનું વાંચન અને રસપ્રદ પ્રશ્નોત્તરી કરવામાં આવી.

## પરિષદની મુલાકાત

- તા.૨-૦૧-૨૦૧૩ના રોજ આર.બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસના ભાગ રૂપી મુલાકાત લીધી હતી. જેમાં પ્રારંભે રાજેન્દ્ર શાહની જન્મ શતાબ્દી નિમિતે રાજેન્દ્ર શાહની લઘુ ફિલ્મ બતાવવામાં આવી હતી.

## ગુજરાતી સાહિત્ય પરિષદ પરિસરમાં આયોજિત વિવિધ કાર્યક્રમો

| ક્રમ | પ્રવૃત્તિ | સમય | સંયોજક | આયોજન | કાર્યપદ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૦૧ | પાક્ષિકી | દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે | દીવાન ઠાકોર ૯૯૧૩૩૯૭૬૨૪ | પરિષદ | વાર્તાકાર અપ્રગટ વાર્તા વાંચે અને ઉપસ્થિત ભાવકો પ્રતિભાવ આપે. વાર્તા મૌલિક કે અનુવાદિત હોય શકે. મુખ્યત્વે કોઈ પણ સાહિત્ય સ્વરૂપ હોઈ શકે. |
| ૦૨ | બુધસભા | દર બુધવારે | ધીરુભાઈ પરીખ<br>પ્રવીણ પંડ્યા ૯૪૨૬૨૪૫૭૦૦ | પરિષદ | કાવ્યશાળા, બુધસભાની પરંપરા મુજબ |
| ૦૩ | રવીન્દ્રભવન | દર માસનો પ્રથમ બુધવાર | શૈલેષ પારેખ | પરિષદ | રવીન્દ્રનાથના જીવન-કવન વિષે કાર્યક્રમ |
| ૦૪ | એનીબેન સરૈયા લેખિકાનિધિ | દર મહિનાનો બીજો સોમવાર | પ્રજ્ઞા પટેલ/પારુલ દેસાઈ ૯૮૨૫૪૩૮૩૯૪ | પરિષદ ક.લા. | બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ |
| ૦૫ | અનુવાદ અભિમુખતા | દર મહિનાનો બીજો મંગળવાર | રૂપા શેઠ ૯૨૨૮૦૧૭૮૩૫ | પરિષદ | અનુવાદિત કૃતિઓનો આસ્વાદ |



## ગુજરાતી સાહિત્ય પરિષદ પરિસરમાં આયોજિત વિવિધ કાર્યક્રમો

| ક્રમ | પ્રવૃત્તિ | સમય | સંયોજક | આયોજન | કાર્યપદ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૦૬ | પત્રકારત્વ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના શનિ-રવિ | દૃષ્ટિ પટેલ ૯૯૨૫૩૮૫૧૫૦ | પરિષદ ક.લા. | પ્રમાણપત્ર કોર્સ |
| ૦૭ | અનુવાદ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના શનિ-રવિ | પારુલ કં. દેસાઈ ૯૪૨૭૦૨૧૦૪૮ | પરિષદ ક.લા. | પ્રમાણપત્ર કોર્સ |
| ૦૮ | માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર | વર્ષમાં બે વખત | પારુલ કં. દેસાઈ | પરિષદ | પ્રમાણપત્ર કોર્સ |
| ૦૯ | પ્રૂફવાચન પ્રમાણપત્ર | વર્ષમાં એક વખત | પારુલ કં. દેસાઈ<br>કિશોરી ચંદારાણા | પરિષદ | પ્રમાણપત્ર કોર્સ |
| ૧૦ | વેબસાઈટ અને નેટ અંતર્ગત કામ | અવિરત | રૂપલ મહેતા ૯૮૨૪૦૩૩૫૮૦ | પરિષદ | સાહિત્યને લગતી માહિતી |

## (૧૧)
# ગુજરાતી સાહિત્ય પરિષદમાં વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ દાનની વિગત

### સાદુ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શૈલેષ પારેખ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૨. | નિર્માણ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૩. | ગુર્જર પ્રકાશન | અમદાવાદ | ૫૦,૦૦૦/- |
| ૪. | ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય | અમદાવાદ | ૫૦,૦૦૦/- |
| ૫. | મધુસૂદન કાપડિયા | યુ.એસ.એ. | ૧૦,૦૦૦/- |
| ૬. | ભારતીબેન ગુલાબભાઈ દેસાઈ | સુરત | ૫૦,૦૦૦/- |
| ૭. | પારુલત્તા એમ. રાઠોડ | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૮. | નિલય બી. દેસાઈ | અમદાવાદ | ૫,૦૦૧/- |
| ૯. | અંકીત ત્રિવેદી | અમદાવાદ | ૨,૧૦૦/- |
| ૧૦. | રૂપલ કે. મહેતા | અમદાવાદ | ૪,૫૦૦/- |
| ૧૧. | સુકુમાર એમ. પરીખ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| | | **કુલ.............** | **૩, ૦૩,૬૦૧/-** |

### ‘પરબ’ સ્થાયી ફંડ

| | | | |
|---|---|---|---|
| ૧. | મધુસૂદન કાપડિયા | યુ.એસ.એ. | ૧૦,૦૦૦/- |

### ‘પરબ’ અપીલ પેટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | પુષ્પાબેન કે. વ્યાસ | અમદાવાદ | ૫૦૦/- |
| ૨. | નીતિનચંદ્ર સી. મોદી | નવસારી | ૧,૦૦૧/- |
| ૩. | દર્શનાબેન જે. શેઠ | યુ.એસ.એ. | ૫,૦૦૦/- |
| ૪. | રેણુકાબેન સોની | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૫. | વીરેન્દ્ર નારાયણસિંહ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| | | **કુલ..............** | **૧૨,૫૦૧/-** |

## વર્ષ-૧૩/૧૪ 'પરબ' ખર્ચ પેટે દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | દિનેશભાઈ મથુરદાસ પટેલ | અમદાવાદ | ૫,૦૦,૦૦૦/- |

## શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્રમાં મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | ગુણવંત શાહ | વડોદરા | ૩,૦૦૦/- |
| ૨. | વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (હ. ગુણવંત શાહ) | વડોદરા | ૧૫,૦૦૦/- |
| | | **કુલ...............** | **૧૮,૦૦૦/-** |

## લીફ્ટ માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | રાજ કે. શાહ | સુરત | ૫,૦૦,૦૦૦/- |

## વ્યાખ્યાન અને સાહિત્ય સત્રો માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ચિત્રકૂટધામ ટ્રસ્ટ, તલગાજરડા | મહુવા | ૫૦,૦૦૦/- |

## પાક્ષિકી માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | સેવંતીલાલ એન. મોદી | અમદાવાદ | ૧૦,૦૦૦/- |

## ચી.મં. ગ્રંથાલય માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | અનિલા દલાલ | અમદાવાદ | ૩૦,૦૦૦/- |

## સ્ત્રી લેખિકા સર્જનાત્મક પુસ્તક પ્રકાશન

| | | | |
|---|---|---|---|
| ૧. | વાગ્મિન એચ. બુચ | ગાંધીનગર | ૧,૨૫,૦૦૦/- |

## ગોવર્ધનભવન નવનિર્માણ

| | | | |
|---|---|---|---|
| ૧. | નમ્રતા એ. સોમાણી | અમદાવાદ | ૧૦,૦૦૦/- |
| | | **કુલ...............** | **૧૫,૦૦૦/-** |



# (૧૨)
# શ્રદ્ધાંજલિ

- ગુજરાતી સાહિત્ય પરિષદ, પીડીલાઈટ ટ્રસ્ટ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય સભા, કુમાર ટ્રસ્ટ, ગુજરાત વિશ્વકોશ, કવિલોક ટ્રસ્ટ, બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ, નિરીક્ષક ટ્રસ્ટના ઉપક્રમે મળેલી સભા ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટીશ્રી બળવંત પારેખને શ્રદ્ધાંજલિ અર્પે છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદના કારોબારી સભ્ય અને કવિ, વાર્તાકાર શ્રી ડાહ્યાભાઈ પટેલ 'માસૂમ'નું તા.૨-૩-૨૦૧૩ના રોજ થયેલ નિધનથી દુઃખ અનુભવે છે. પરિષદ એમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.
- કવિ પ્રો. મંગળ રાઠોડનું તા.૧૨-૩-૨૦૧૩ના રોજ મુંબઈમાં નિધન થયું. ગુજરાતી સાહિત્ય પરિષદ એમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.
- જાણીતા મૂર્ધન્ય ગઝલકાર, લલિત નિબંધકાર, પત્રકાર, વિવેચક રતિલાલ 'અનિલ'નું ૯૪ વર્ષે અવસાન થવાથી ગુજરાતી સાહિત્ય પરિષદ તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પે છે.
- પ્રકાશ વેગડના નિધનથી ગુજરાતી સાહિત્ય પરિષદ એમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.
- લવકુમાર મ. દેસાઈ, ઇન્દુ પુવાર, પવનકુમાર જૈન, શશીકાંત નાણાવટીના નિધનથી ગુજરાતી સાહિત્ય પરિષદ એમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.

**અવસાન નોંધ-૨૦૧૩**

| | | |
|---|---|---|
| ૧. | અમીના અમીન | ૧૦-૧-૨૦૧૩ |
| ૨. | રજનીકાંત રાવળ | ૧૩-૧-૨૦૧૩ |
| ૩. | બળવંત પારેખ | ૨૫-૧-૨૦૧૩ |
| ૪. | ડાહ્યાભાઈ પટેલ 'માસુમ' | ૨-૩-૨૦૧૩ |
| ૫. | કલાધર વૈષ્ણવ | ૯-૩-૨૦૧૩ |
| ૬. | મંગળ રાઠોડ | ૧૨-૩-૨૦૧૩ |
| ૭. | પ્રકાશ વેગડ | ૨૮-૬-૨૦૧૩ |
| ૮. | રતિલાલ અનિલ | ૨૯-૮-૨૦૧૩ |
| ૯. | લવકુમાર મ. દેસાઈ | ૧૭-૯-૨૦૧૩ |
| ૧૦. | ઇન્દુ પુવાર | ૧૦-૧૦-૨૦૧૩ |
| ૧૧. | પવનકુમાર જૈન | ૧૨-૧૧-૨૦૧૩ |
| ૧૨. | શશીકાંત નાણાવટી | ૨૧-૧૧-૨૦૧૩ |
| ૧૩. | નાનાભાઈ જેબલિયા | ૨૬-૧૧-૨૦૧૩ |

# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૭મું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદના સુડતાલીસમા અધિવેશનનું આયોજન એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજના યજમાનપદે આણંદ મુકામે તારીખ : ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર ૨૦૧૩ના ત્રણ દિવસ યોજાશે. અધિવેશનના પ્રમુખ તરીકે કવિ-વિવેચક, ચરિત્રકાર ને પૌવાત્ય-પાશ્ચાત્ય સાહિત્યના અભ્યાસી શ્રી ધીરુ પરીખ રહેશે.

**અધિવેશન સ્થળ :**

એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ

**ઉદ્ઘાટન સમારંભ :**

તા. ૨૪/૧૨/૨૦૧૩ મંગળવાર, સમય :- ૩.૦૦થી. ૬.૦૦

| | | |
|---|---|---|
| ગીત | : | વિદ્યાર્થીઓ |
| સ્વાગત મંત્રીનું ઉદ્બોધન | : | મોહન પટેલ |
| સ્વાગત પ્રમુખનું ઉદ્બોધન | : | ભીખુભાઈ પટેલ |
| પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ | : | રાજેન્દ્ર પટેલ |
| નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય અને | : | વર્ષા અડાલજા |
| કાર્યભારની સોંપણી | | ધીરુ પરીખ |
| પ્રમુખશ્રીનો પરિચય | : | પ્રફુલ્લ રાવલ |
| પ્રમુખશ્રીનું વક્તવ્ય | : | ધીરુ પરીખ |
| અતિથિવિશેષ | : | હરીશ પાઢ (કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી) |
| પ્રાસંગિક ઉદ્બોધન | : | રઘુવીર ચૌધરી |
| આભારદર્શન (યજમાન સંસ્થા) | : | અજયસિંહ ચૌહાણ |

## બેઠક પહેલી : તા. ૨૪/૧૨/૨૦૧૩ મંગળવાર, રાત્રે ૮-૩૦ થી ૧૦-૦૦

આસ્વાદ : 'છંદ રાજેન્દ્ર' રાજેન્દ્ર શાહની કવિતાઓ

| | | |
|---|---|---|
| વિભાગીય અધ્યક્ષ | : | ધીરુ પરીખ |
| સંયોજક | : | પરેશ નાયક |

## તા. ૨૫/૧૨/૧૩ બુધવારના રોજ સવારે ૮-૦૦ થી ૯-૩૦

ગુજરાતી સાહિત્ય પરિષદની નવી/જુની મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક



## બેઠક બીજી : તા. ૨૫/૧૨/૨૦૧૩ બુધવાર, સવારે :- ૯.૩૦થી ૧૨.૩૦

**કવિતા : સાહિત્ય સ્વરૂપ- કેફિયત**

| | | |
|---|---|---|
| વિભાગીય અધ્યક્ષ | : | માધવ રામાનુજ |
| વક્તા | : | કવિ-કેફિયત : હરીશ મીનાશ્રુ |
| ગીત | : | મનોહર ત્રિવેદી |
| ગઝલ | : | જલન માતરી |
| સંચાલન | : | નીતિન વડગામા |

## બેઠક ત્રીજી : તા. ૨૫/૧૨/૧૩ બુધવાર બપોરે ૩-૦૦ થી ૬-૦૦

**વિવેચન-સંશોધન**

| | | |
|---|---|---|
| વિભાગીય અધ્યક્ષ | : | અજિત ઠાકોર |
| વક્તાઓ | : | હર્ષવદન ત્રિવેદી, હસિત મહેતા, રાજેશ પંડ્યા |
| સંચાલન | : | કીર્તિદા શાહ |

## બેઠક ચોથી : તા. ૨૫/૧૨/૧૩ બુધવાર, રાત્રે ૮-૦૦ થી ૯-૩૦

**યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ**

## બેઠક પાંચમી : તા. ૨૬/૧૨/૧૩ ગુરુવાર, સવારે ૮-૩૦ થી ૧૧-૦૦

**પરિસંવાદ : શિક્ષણના માધ્યમ તરીકે સાહિત્ય**

| | | |
|---|---|---|
| વિભાગીય અધ્યક્ષ | : | આર.બી. શાહ |
| વક્તાઓ | : | શિક્ષણ અને સાહિત્ય - ધવલ મહેતા |
| સમુહ માધ્યમ અને સાહિત્ય | : | રઘુવીર ચૌધરી |
| સમાજવિજ્ઞાનમાં સાહિત્ય | : | સુદર્શન આયંગર |
| સંચાલન | : | જનક નાયક |

## બેઠક છઠ્ઠી : તા :૨૬/૧૨/૧૩ બપોરે ૧૧-૦૦ થી ૧૨-૦૦

**અધિવેશન સમાપન બેઠક**

- ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન બેઠક
- ઠરાવોઃ પ્રતિભાવો અને આભારવિધિ
- આભારદર્શન (પરિષદ અને યજમાન સંસ્થા)
- બપોરના ભોજન પછી અધિવેશનની સમાપ્તિ થશે.

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખો અને અધિવેશનો

| ક્રમ | પ્રમુખ | અધિવેશન સ્થળ | વર્ષ |
|---|---|---|---|
| ૧. | ગોવર્ધનરામ મા. ત્રિપાઠી | અમદાવાદ | ૧૯૦૫ |
| ૨. | કેશવલાલ હ. ધ્રુવ | મુંબઈ | ૧૯૦૭ |
| ૩. | અંબાલાલ સા. દેસાઈ | રાજકોટ | ૧૯૦૯ |
| ૪. | રણછોડલાલ ઉદયરામ દવે | વડોદરા | ૧૯૧૨ |
| ૫. | નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા | સુરત | ૧૯૧૫ |
| ૬. | હરગોવિંદ દ્વા. કાંટાવાળા | અમદાવાદ | ૧૯૨૦ |
| ૭. | કમળાશંકર પ્રા. ત્રિવેદી | ભાવનગર | ૧૯૨૪ |
| ૮. | રમણભાઈ મ. નીલકંઠ | મુંબઈ | ૧૯૨૬ |
| ૯. | આનંદશંકર બા. ધ્રુવ | નડિયાદ | ૧૯૨૮ |
| ૧૦. | ભૂલાભાઈ જીવણજી દેસાઈ | નડિયાદ | ૧૯૩૧ |
| ૧૧. | કૃષ્ણલાલ મો. ઝવેરી | લાઠી | ૧૯૩૪ |
| ૧૨. | મોહનદાસ કરમચંદ ગાંધી | અમદાવાદ | ૧૯૩૬ |
| ૧૩. | કનૈયાલાલ માણેકલાલ મુનશી | કરાંચી | ૧૯૩૭ |
| ૧૪. | અરદેશર ફરામજી ખબરદાર | મુંબઈ | ૧૯૪૧ |
| ૧૫. | વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ | વડોદરા | ૧૯૪૩ |
| ૧૬. | રામનારાયણ વિ. પાઠક | રાજકોટ | ૧૯૪૬ |
| ૧૭. | કનૈયાલાલ મા. મુનશી | નડિયાદ | ૧૯૪૯ |
| ૧૮. | હરિસિદ્ધભાઈ વ. દિવેટિયા | નવસારી | ૧૯૫૨ |
| ૧૯. | કનૈયાલાલ મા. મુનશી | નડિયાદ | ૧૯૫૫ |
| ૨૦. | કાકાસાહેબ કાલેલકર | અમદાવાદ | ૧૯૫૯ |
| ૨૧. | વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી | કલકત્તા | ૧૯૬૧ |
| ૨૨. | રસિકલાલ છો. પરીખ | મુંબઈ | ૧૯૬૪ |
| ૨૩. | જ્યોતીન્દ્ર હ. દવે | સુરત | ૧૯૬૬ |
| ૨૪. | ઉમાશંકર જોશી | દિલ્હી | ૧૯૬૮ |
| ૨૫. | ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્' | જૂનાગઢ | ૧૯૭૦ |
| ૨૬. | ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' | મદ્રાસ | ૧૯૭૨ |
| ૨૭. | ગુલાબદાસ બ્રોકર | વલ્લભવિદ્યાનગર | ૧૯૭૪ |
| ૨૮. | રામપ્રસાદ બક્ષી | પોરબંદર | ૧૯૭૬ |
| ૨૯. | ચંદ્રવદન મહેતા | કલ્યાણ | ૧૯૭૮ |
| ૩૦. | અનંતરાય મ. રાવળ | વડોદરા | ૧૯૭૯ |
| ૩૧. | મનુભાઈ પંચોળી 'દર્શક' | હૈદ્રાબાદ | ૧૯૮૧ |
| ૩૨. | યશવંત શુક્લ | સુરત | ૧૯૮૩ |
| ૩૩. | કે.કા. શાસ્ત્રી | પૂણે | ૧૯૮૫ |
| ૩૪. | ભોગીલાલ સાંડેસરા | મુંબઈ | ૧૯૮૭ |
| ૩૫. | જયન્ત પાઠક | રાજકોટ | ૧૯૮૯ |
| ૩૬. | 'ઉશનસ્' | કોઈમ્બતૂર | ૧૯૯૧ |
| ૩૭. | રાજેન્દ્ર શાહ | કોલકત્તા | ૧૯૯૩ |
| ૩૮. | વિનોદ ભટ્ટ | જામનગર | ૧૯૯૫ |
| ૩૯. | નિરંજન ભગત | વડોદરા | ૧૯૯૭ |
| ૪૦. | ધીરુભાઈ ઠાકર | વિસનગર | ૧૯૯૯ |
| ૪૧. | રઘુવીર ચૌધરી | પાટણ | ૨૦૦૧ |
| ૪૨. | ધીરુબહેન પટેલ | મહુવા | ૨૦૦૩ |
| ૪૩. | બકુલ ત્રિપાઠી | મુંબઈ | ૨૦૦૫ |
| ૪૩. | હરિકૃષ્ણ પાઠક (કાર્યકારી પ્રમુખ) | – | ૨૦૦૬ |
| ૪૩. | કુમારપાળ દેસાઈ | – | ૨૦૦૬ |
| ૪૪. | નારાયણભાઈ દેસાઈ | ગાંધીનગર | ૨૦૦૭ |
| ૪૫. | ભગવતીકુમાર શર્મા | નવસારી | ૨૦૦૯ |
| ૪૬. | ભોળાભાઈ પટેલ | જૂનાગઢ | ૧-૧- ૨૦૧૨થી ૨૦-૫-૨૦૧૨(અવ) |
| ૪૬. | વર્ષા અડાલજા | – | ૮-૭-૨૦૧૨ |
| ૪૭. | ધીરુ પરીખ | આણંદ | ૨૦૧૩ |